# AI યુગમાં હવે યુનિ. અભ્યાસક્રમમાં આમૂલ પરિવર્તનની સર્જરી જરૂરી છે?

'જૂનું એટલું સોનું' અને 'ઘરડાં ગાડા વાળે' કહેવત હવે સાચી નથી. અંતિમ પણ નથી. AI કહે છે જૂનું છોડો. બદલાવ પામો. પરિવર્તન પામો. નવા આયામો અને જરૂરિયાતો સાથે તાલમેલ સાધો નહિ તો ફેંકાઈ જશો. વાસી થઈ જશો.


ઓલ્ડ મેનેજમેન્ટ કોર્સનો સમાવેશ થાય છે. તેના સ્થાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક્સ, સેમિકન્ડક્ટર એન્જિનિયરિંગ, બ્રેઈન કૉમ્પ્યૂટર, એમ બોડીક ઈન્ટેલિજન્સ, કાર્બન ન્યુટ્રાલિટી અને બ્રેઈન ડૉમિનન્સીઝ એન્ડ ઈટ્સ એપ્લીકેશન જેવાં અત્યંત આધુનિક વિષયો સામેલ કર્યા છે.

આ રીતે, રૂઢિગત-જરી પુરાણી શિક્ષણ પ્રણાલીની જગ્યાએ હવે ગતિશીલ, સક્રિય, સર્જનાત્મક અને કૌશલ્ય આધારિત શિક્ષણ પદ્ધતિ અપનાવી છે. હવે શિક્ષણ અને ઉદ્યોગના જોડાણને વધુ મજબૂત અને સક્ષમ બનાવવા હવે ઈન્ટર્નશિપ, લાઈવ પ્રોજેક્ટ્સ અને સ્ટાર્ટઅપ કલ્ચરને વણી લેવામાં આવ્યું છે.

ચીનમાં, સૌથી મોટો બદલાવ પીએચ.ડી કક્ષાના સંશોધન ક્ષેત્રે આવ્યો છે. માત્ર પીએચ.ડી. ડિગ્રીની ચમક પૂરતું કે પ્રકાશન પૂરતું કે એકેડેમિક સ્કોર વધારવા કે પ્રકાશન પૂરતું સીમિત ન રહેતાં, પેટન્ટ, પ્રોટો ટાઈપ નીતિ-ઉકેલ અને રાષ્ટ્રીય કે સામાજિક જરૂરિયાતો પૂર્ણ કરનારું હોવું જોઈએ, નહિ કે યુનિવર્સિટી લાઈબ્રેરીના કબાટો શોભાવનારું !! સંશોધનના વિષયો પણ વૈશ્વિક અને રાષ્ટ્રના વિકાસ સાથે અનુબંધિત હોય તેવા જ પસંદ કરવામાં આવે છે. યુવાનોની કાયા પલટ કક્ષાના સેવાઓ મેળવવાનો ચીનનો દાવો છે.

અહીં આપણાં દેશના પીએચ.ડી. થયેલાં યુવાનોની ક્ષમતા, તેની ડિગ્રી / વિષયની ગુણવત્તા બાબતે ચિંતન કરવા જેવું છે. ચણા-મમરાની જેમ પીએચ.ડી. ડિગ્રીની લાગી થાય છે!

શિક્ષણ ક્ષેત્રે, ચીને શરૂ કરેલી સર્જરી પરિણામ લક્ષી છે. તેનો આ નિર્ણય માત્ર તકલાદી ટૂંકાગાળાનો શૈક્ષણિક સુધારો નથી, પરંતુ સામાજિક, આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષાની લાંબાગાળાની જડબેસલાક સ્ટ્રેટેજી છે. હાલમાં ત્યાં યુવા બેરોજગારીનો દર ૧૬.૯ ટકા એ પહોંચ્યો છે. વર્ષ ૨૦૨૭માં ચીન ૧.૨૭ કરોડ સ્નાતક યુવાનોને બજારમાં મૂકવાનો લક્ષ્ય ધરાવે છે. યુનિવર્સિટીની ડિગ્રીઓ અને વાસ્તવિક બજારની જરૂરિયાતો વચ્ચેનો આ તફાવત પૂરો કરવા ચીને પોતાની સમગ્ર શિક્ષણ પ્રણાલીને ઔદ્યોગિક નીતિ અને AI સાથે ઘનિષ્ઠ રીતે જોડી દીધી છે !



કોઈ હિન્દી કવિએ લખ્યું છે,

"ગર કલમ ન છી ની ગઈ તો, હિન્દુસ્તાન બદલ કર છોડુંગા

ઈન્સાન હું મેં દુનિયા કા ભગવાન બદલ કર છોડુંગા!"

દુનિયાના ભગવાનને બદલવાની ક્ષમતા લઈને આવેલો AI યુગ હવે પરિવર્તનના નામે થાગડ-થીંગડમાં કે મલમ પટ્ટીમાં માનતો નથી. એ તો ધડમૂળથી ઓપરેશન કરી, કેન્સરની ગાંઠને મૂળિયામાંથી દૂર કરવામાં માને છે.



આ વાત અમને એટલા માટે યાદ આવી કે હાલમાં એક બ્રેકિંગ ન્યૂઝ સાંભળવા-વાંચવા મળ્યા! ચીનના શિક્ષણ મંત્રાલયે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અકલ્પનીય સર્જરી કરી છે ! ચીનની યુનિવર્સિટીઓએ વર્ષો જૂના, પરંપરાગત અને અપ્રસ્તુત થઈ ગયેલાં લગભગ ૧૨,૨૦૦ જેટલાં અભ્યાસક્રમોને એક જ ઝાટકે રદ કરી દીધાં છે ! અને તેની સામે AI યુગની માંગ અને ઔદ્યોગિક અપેક્ષાઓને કેન્દ્રમાં રાખીને અત્યંત આધુનિક ૧૦,૨૦૦ જેટલાં લેટેસ્ટ અભ્યાસક્રમો દાખલ કર્યા છે.


આ રદ કરાયેલા અભ્યાસક્રમોમાં મુખ્યત્વે પરંપરાગત આર્ટ્સ, હ્યુમેનિટીઝ, વિદેશી ભાષાઓ, પ્રોડક્ટ ડિઝાઈન અને

સમગ્ર વિશ્વમાં આજે આ નૂતનપ્રવાહ શરૂ થઈ ચૂક્યો છે ! દક્ષિણ કોરિયા, જાપાન અને પશ્ચિમના વિકસિત રાષ્ટ્રો પણ 'ડિગ્રી'ના બદલે

**હવે ગતિશીલ, સક્રિય, સર્જનાત્મક અને કૌશલ્ય આધારિત શિક્ષણ પદ્ધતિ અપનાવી છે. હવે શિક્ષણ અને ઉદ્યોગના જોડાણને વધુ મજબૂત અને સક્ષમ બનાવવા હવે ઈન્ટર્નશિપ, લાઈવ પ્રોજેક્ટ્સ અને સ્ટાર્ટઅપ કલ્ચરને વણી લેવામાં આવ્યું છે.**

'ડાયનેમિક સ્કિલિંગ' પર ભાર મૂકી રહ્યા છે. તેમને સમજાય ચૂક્યું છે કે હવે જૂનાં હથિયારોથી આધુનિક યુદ્ધ લડી શકાતાં નથી, તેવી જ રીતે જૂના વાસી અભ્યાસક્રમોમાંથી તૈયાર થનાર યુવાનો દ્વારા આવતી કાલના જીવંત પડકારો ઝીલી શકવાના નથી ! આપણાં દેશની ઘણી રાષ્ટ્રીયકક્ષાની યુનિવર્સિટીઓમાં AI આધારિત અને ભાવિ ડિમાન્ડ-આધારિત આધુનિક અભ્યાસક્રમો શરૂ થયા છે.સનાતન સત્ય એ છે કે જે અભ્યાસક્રમ / ડિગ્રી, વિદ્યાર્થીઓની રોજગાર લક્ષી ક્ષમતા વધારી ન શકે, કે સમાજ / રાષ્ટ્રને કશું ઉત્પાદનલક્ષી નવું પ્રદાન ન કરી શકે તેને ક્યાં તો મૂળમાંથી બદલવો જોઈએ અથવા ચીનની જેમ હિંમતપૂર્વક ઉખાડી ફેંકી દેવો જોઈએ.

- વિનોદ પટેલ




# જો નેતાઓ ક્રિકેટ રમે તો?

આપણા દેશમાં બે જ વસ્તુઓ એવી છે જે આખા દેશને કામકાજ, નોકરી-ધંધો અને સંસારના તમામ તણાવ છોડીને ટીવી સામે ચોંટાડી રાખે છે - એક ક્રિકેટ અને બીજું રાજકારણ! હવે જરા કલ્પના કરો કે જો આ બંનેનો હાઈબ્રિડ પ્રયોગ કરવામાં આવે અને આપણા દેશના નેતાઓ સફેદ વસ્ત્રો પહેરીને ક્રિકેટની પીચ પર ઉતરી પડે, તો કેવું દ્રશ્ય સર્જાય? સ્ટેડિયમમાં મેચ ઓછી અને મનોરંજન વધારે પીરસાય!

**૧. ટીમ સિલેક્શન અને કેપ્ટનશીપનો ડ્રામા**

સામાન્ય ક્રિકેટમાં પર્ફોર્મન્સ જોઈને ખેલાડી પસંદ થાય છે, પણ નેતાઓની ટીમમાં 'કોટા અને ગઠબંધન' સિસ્ટમ ચાલે.

સિલેક્ટર કમિટીની બેઠકમાં જ ધમાલ થાય: 'અમારા પક્ષના ૫ ખેલાડીઓ નહીં હોય તો અમે મેચનો બહિષ્કાર કરીશું!'

કેપ્ટન કોણ બનશે? એ વાત પર જ ત્રણ દિવસ સુધી હાઈકમાન્ડની ગુપ્ત બેઠકો ચાલે.

છેવટે એક 'મધ્યસ્થ કેપ્ટન' નક્કી થાય અને બાકીના દસ ખેલાડીઓને ખુશ કરવા માટે 'ઉપ-કેપ્ટન', 'સહ-કેપ્ટન', 'સલાહકાર કેપ્ટન' અને 'રાજ્ય કક્ષાના કેપ્ટન' જેવા પદો વહેંચવામાં આવે!

**૨. ટોસ અને પીચનું રાજકારણ**

ટોસ થાય ત્યારે અમ્પાયર સિક્કો હવામાં ઉછાળે એટલે નેતાજી હેડ કે ટેલ બોલવાને બદલે સીધા અમ્પાયર સામે જ ભાષણ ચાલુ કરી દે: 'જુઓ ભાઈઓ અને બહેનો, આ સિક્કો ક્યાં પડશે એ તો આવનારા સમયમાં આપણી ગઠબંધનની સરકાર નક્કી કરશે!'

પીચનું નિરીક્ષણ કરવા માટે પણ એક વિશેષ 'સંસદીય કમિટી' બનાવવામાં આવે. જો પીચ પર ઘાસ વધારે હોય તો વિપક્ષ આરોપ લગાવે કે, 'સત્તાપક્ષે અમારા બેટ્સમેનોને રોકવા માટે આ ઘાસ ઉગાડવાનો મોટો ઘોટાળો કર્યો છે!'

**૩. બેટિંગ: ભાષણ વધારે, રન ઓછા**

નેતાજી બેટિંગ કરવા ઉતરે એટલે પેડ અને હેલ્મેટ કરતાં હાથમાં માઈક વધારે શોભે!

**ડ્રેસ કોડ:** સફેદ જર્સીની ઉપર પણ ખાદીનું જેકેટ તો ફરજિયાત હોય જ.

પહેલો બોલ: બોલર આવે અને સ્પીડમાં બોલ નાખે, નેતાજી બેટ ફેરવવાને બદલે બોલને હવામાં જ પ્રણામ કરે. જો બોલ વિકેટને અડીને જતો રહે તો નેતાજી તુરંત કહેશે, 'આ બોલ મને અડીને ગયો નથી, પણ આ તો મારી લોકપ્રિયતાનો પવન હતો જેણે વિકેટને હલાવી દીધી!'

**નો-બોલ અને ફ્રી હિટ:** કોઈપણ બોલર ભૂલથી નો-બોલ ફેંકે, એટલે નેતાજી મોકો જોઈને પીચની વચ્ચે ઉભા રહીને સીધા સ્ટેડિયમની જનતાને સંબોધન કરવા લાગે: 'જોયું? આ બોલરે પોતાની મર્યાદા ઓળંગી છે! જો મારી સરકાર આવશે તો આ દેશમાં કોઈ બોલર પોતાની લાઈન ક્રોસ કરવાની હિંમત નહીં કરે!'

**૪. ફિલ્ડિંગ અને 'કેચ' પકડવાની કળા**

ફિલ્ડિંગમાં તો નેતાઓની કારીગરી જોવા જેવી હોય. બાઉન્ડ્રી પર ઉભેલા નેતાજી પાસે બોલ આવે એટલે એ બોલ પકડવાને બદલે પોતાના પીએ (PA) ને બૂમ પાડે: 'અલ્યા, આ બોલ આવે છે, એને પકડીને મારા ખાતામાં જમા કરાવી દે!'

જો સરળ કેચ છૂટી જાય, તો નેતાજી પ્રેસ કોન્ફરન્સ બોલાવીને સ્ટેટમેન્ટ આપશે: 'મેં કેચ છોડ્યો નથી, આ તો મારી ઉદારતા છે! મેં તો બોલને પકડવાનો પ્રસ્તાવ પાસ કર્યો હતો, પણ બોલ સમયસર સાઈન કરવા ન આવ્યો. આમાં વિપક્ષની મોટી સાજિશ છે!'

**૫. રન આઉટ અને ત્વરિત પક્ષપલટો**

ક્રિકેટમાં રન આઉટ થવું એ રમતનો ભાગ છે, પણ નેતાઓની મેચમાં રન આઉટ થવું એટલે 'રાજકીય સંકટ'!

જેવો નોન-સ્ટ્રાઈકર એન્ડ પર ઉભેલો નેતા રન લેવાની ના પાડે, એટલે સ્ટ્રાઈકર પર ઉભેલો બેટ્સમેન પીચની

**ફિલ્ડિંગમાં તો નેતાઓની કારીગરી જોવા જેવી હોય. બાઉન્ડ્રી પર ઉભેલા નેતાજી પાસે બોલ આવે એટલે એ બોલ પકડવાને બદલે પોતાના PAને બૂમ પાડે: 'અલ્યા, આ બોલ આવે છે, એને પકડીને મારા ખાતામાં જમા કરાવી દે!'**

વચ્ચે ઉભો રહીને જ 'પક્ષપલટો' કરી લે! એ વિરોધી ટીમની જર્સી પહેરી લેશે અને પોતાના જૂના સાથીને રન આઉટ કરાવીને વિપક્ષી ટીમનો કેપ્ટન બનવાનો દાવો ઠોકી દેશે!

**૬. DRS: વિપક્ષી રિવ્યુ સિસ્ટમ**

અહીં DRS નો અર્થ 'Decision Review System' નથી થતો, પણ 'વિપક્ષી રિવ્યુ સિસ્ટમ' થાય છે.

અમ્પાયર જો નેતાજીને આઉટ આપે, એટલે નેતાજી પીચ પર જ 'ધરણાં' પર બેસી જાય. 'અમ્પાયર બિકાઉ છે! આ અમ્પાયર વિરોધી પક્ષનો એજન્ટ છે!' ના નારા લાગવા માંડે.

તરત જ મેચ અટકાવી દેવાય, સીબીઆઈ (CBI) અને ઈડી (ED) ની ટીમો અમ્પાયરના નિર્ણયની તપાસ કરવા પીચ પર દોડી આવે, અને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચે ત્યાં સુધી બેટ્સમેન પીચ છોડવાની સાફ ના પાડી દે!

**૭. ડ્રિંક્સ બ્રેક અને લંચ**

સામાન્ય મેચમાં 10 મિનિટનો ડ્રિંક્સ બ્રેક હોય છે, પણ નેતાઓની મેચમાં ડ્રિંક્સ બ્રેક દરમિયાન પણ 'ચાય પે ચર્ચા' અને સર્વપક્ષીય બેઠક યોજાય. ચા અને સમોસાનો ખર્ચ કઈ સમિતિ ભોગવશે એની પર કલાકો સુધી ચર્ચા ચાલે!

જો નેતાઓ ખરેખર ક્રિકેટ રમવા માંડે તો સ્કોરબોર્ડ પર રન ઓછો અને સ્ટેડિયમમાં મુદ્દાઓ વધારે જોવા મળે. આ મેચ જીતવા માટે નહીં, પણ માત્ર 'વોટ બેંક' બનાવવા માટે રમાય! પણ એક વાત નક્કી છે - આવી મેચ જોવાની દેશની જનતાને જે મજા પડે, એવી મજા વર્લ્ડ કપની ફાઈનલમાં પણ ન મળે!

# આપ જેટલા સાચા હશો એટલા જ એકલા હશો

**ક્રાઈમ કોડ**

પ્રફુલ શાહ

ગાંધીનગર જવા રવાના થતા અગાઉ ATSના કર્મવીર શાહે પત્રકાર પરિષદ બોલાવી. ખાસ જીદ કરીને પોતાની બાજુમાં ડાંગના પોલીસ સુપ્રિટેન્ડન્ટ અને સુરેન્દ્ર પુષ્કર્ણાને બેસાડ્યા. શાહે શરૂઆત કરી ડાંગ પોલીસના વખાણ કરવાથી.

વિનોદ રિપોર્ટરે તરત તોછડાઈ સાથે પૂછ્યું, 'પણ ગુજરાત ATSને અંધારામાં કેમ રખાયું?'

'ખરેખર અમે અજાણ હતા એની ખાતરી છે? તમારી પાસે કોઈ પુરાવા છે કે મારા અને પુષ્કર્ણાજી વચ્ચે વાત નથી જ થઈ?'

'તો આપે કે આપના ડિપાર્ટમેન્ટે રિએક્શન કેમ ન આપ્યું?'

'એમ કરવું અનિવાર્ય નથી. મારી વાણીનો અફસોસ મને ઘણી વાર થયો છે, મારા મૌનનો કદી નહીં. આ મામલામાં પણ નહીં.'


'આહવાની હવા' અખબારની રિપોર્ટર સોનલી ભીલે આંગળી ઊંચી કરીને સવાલ કર્યો, 'તો અમારી ડાંગની પોલીસથી આપ જરાય નારાજ નથી?'

'અમારી ડાંગની પોલીસ... મને ગમ્યો આ શબ્દપ્રયોગ. બહુ ઓછા પત્રકારોમાં આવી ભાવના હોય છે... અને હું ડાંગ પોલીસથી લેશમાત્ર નારાજ નથી. ઊલટાનો ખૂબ ખુશ છું. કાશ બધા પોલીસવાળા આવા ઝડપી, કાબેલ અને ગંભીર બને. બધાને કૉન્ગ્રેચ્યુલેશન્સ...'

આ સાથે સોનલી ભીલે ખુશીથી તાળી પાડી. અમુક મનેકમને એની સાથે જોડાયા.

કર્મવીર શાહ તાળી પાડવા સાથે મોટા અવાજે બોલ્યા, '...એન્ડ થેન્ક યુ પુષ્કર્ણાજી ફોર ટેસ્ટી લંચ.'

પુષ્કર્ણાએ હસીને માથું જરાક નમાવીને



**પુષ્કર્ણાએ હસીને માથું જરાક નમાવીને જવાબ આપ્યો, 'દુનિયાએ માનતો કર્યો હતો કે આપ જેટલા સાચા હશો એટલા જ એકલા હશો પણ ATSના કર્મવીર શાહ સર અને આપણાં પત્રકાર સોનાલી ભીલ જેવા એ મતને ખોટો પાડ્યો એ ખૂબ ગમ્યું.'**

જવાબ આપ્યો, 'દુનિયાએ માનતો કર્યો હતો કે આપ જેટલા સાચા હશો એટલા જ એકલા હશો પણ ATSના કર્મવીર શાહ સર અને આપણાં પત્રકાર સોનલી ભીલ જેવા આ મતને ખોટો પાડ્યો એ ખૂબ ગમ્યું.' પુષ્કર્ણાએ બંને માટે તાળી પાડી અને સૌ એમની સાથે જોડાયા.

પત્રકાર પરિષદ પતવામાં હતી ત્યાં ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીએ આવીને પુષ્કર્ણાના કાનમાં કંઈક ફૂંક મારી. પોલીસવડાએ એમની સામે જોઈને ઈશારામાં કંઈક પૂછ્યું અને ત્રિવેદીએ વિશ્વાસ સાથે ડોક હલાવી. પુષ્કર્ણાએ માઈક ઉપાડીને પત્રકાર પરિષદ પૂરી થયાની જાહેરાત કરી, બધા પત્રકારોનો આભાર માન્યો અને ખુશી વ્યક્ત કરી કે હવે આ કેસમાંથી ડાંગ પોલીસ મુક્ત અને ATS બધું સંભાળી લેશે.

---

LCBના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ બેડમાં આડા પડીને મોબાઈલ ફોન પર સાયલન્ટ મોડ પર કોઈ ફિલ્મ જોઈ રહ્યા હતા.

રાઠોડ, 'ડોક્ટર બોલતે હૈં આરામ કરો અરે ભાઈ, આરામ તો વો કરે જિસને જિંદગી સે હાર માની હો!'

તેઓ અટ્ટહાસ્ય કરે છે. 'અને એય બીમારી, તું મારા શરીર પર રાજ કરી શકે છે પણ મારી હિંમત પર નહીં! કારણ કે આ શરીર મારું છે, અને આ જંગ પણ મારો છે!... ખેલ મેં મજા આયેગા, બહુત મજા આયેગા રે રાઠોડ.'

કેબિનમાં ચા અને સ્થાનિક ધાન નાગલી (રાગી)ના નાસ્તા પર ATSના કર્મવીર શાહ અને ડાંગના પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાએ થોડી ગુફ્તગુ કરી.

કર્મવીર શાહે સ્માઈલ સાથે હાથ મિલાવ્યા, 'ગુડ આઈડિયા. ખરેખર મજા આવશે.'

પુષ્કર્ણા ડ્રોઅરમાંથી કાઢીને દેશી મધની મોટી બાટલી મહેમાનના હાથમાં મૂકીને બોલ્યા, 'કર્મવીર, આપના જેટલી મીઠાશ સૌમાં આવે એવી શુભેચ્છા સાથે વિનંતી કે નાનકડી ભેટ સ્વીકારો.'

કર્મવીર શાહે હર્ષભેર બોટલ હાથમાં લીધી. એ સાથે એમની નજર ખુલ્લી બારીમાંથી દેખાતા ઝાડ પર પડી અને આશ્ચર્ય સાથે મોઢામાંથી નીકળી પડ્યું, 'અરે વાહ... ઉડતી ખિસકોલી પહેલીવાર જોઈ.'

સુરેન્દ્ર પુષ્કર્ણાએ પાછળ જોયું. 'એનું નામ ઈન્ડિયન જાયન્ટ ફ્લાઈંગ સ્કિવરલ, પણ હકીકતમાં એ ઉડતી નથી.'

'ઓહ રિયલી?'

'હા, ડાંગના જંગલોમાં જોવા મળતું આ એક અત્યંત રસપ્રદ અને દુર્લભ પ્રાણી છે. આ ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી, પરંતુ તેના આગળ અને પાછળના પગ વચ્ચે આવેલી પાતળી ચામડીના સહારે એક ઝાડ પરથી બીજા ઝાડ પર હવામાં સરકી શકે છે. ક્યારેક તે 100 મીટર જેટલું અંતર પણ પાર કરે છે. છતાં ગુજરાતીમાં ઉડતી ખિસકોલી તરીકે ઓળખાય છે.'

**અતા-પતા-લાપતા -18**

'વાઉ. વંડરફુલ. યુ આર ઈન ગુડ કંપની.'

'અરે, આ તો તમને જ મળવા આવ્યું લાગે છે. બાકી, મુખ્યત્વે રાત્રિચર પ્રાણી, મોટાભાગે ઊંચા અને ઘન જંગલોમાં રહે છે. ડાંગ અને દક્ષિણ ગુજરાતના ભેજવાળા જંગલો તેના રહેવા માટે અનુકૂળ છે.'

'આપને ઘણી જાણકારી છે. ક્યારેક દોહિત્રી વિનીકા સાથે રોકાવા આવીશ. એને જલસો પડી જશે.'

'ગમે ત્યારે આવો. હું તો રિટાયરમેન્ટ પછી ય ડાંગમાં રહેવાનો છું. આટલી સુંદર કુદરતની કંપની બીજે ક્યાં મળે? સાથે મજા કરીશું ને ખૂબ હસીશું. હસવાની શરૂઆત કરીએ કાલથી.'

પણ આવતીકાલે ઘણાને હસવામાંથી ખસવાનું થવાનું હતું, જે જીવનભર ભુલાવાનું નહોતું.

(ક્રમશ:)

**સટ્ટાક — કમલ**

